# પ્રકરણ - ૧૧

## સમાજ કલ્યાણ ક્ષેત્રે સિધ્ધિ

કચ્છ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના અનુસુચિત જાતિના લોકો માટે સમાજ કલ્યાણ શાખા જિ.પં. કચ્છ દ્વારા વિવિધ ક્ષેત્રે ચાલતી યોજનાઓની અને તેની થયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

### શૈક્ષણિક ક્ષેત્રે

**એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓ માટે પરિક્ષિતલાલ મજમુદાર શિષ્યવૃતિ યોજના**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને આ લાભ મળવાપાત્ર છે.

**ગરીબી નાબૂદી કાર્યક્રમ હેઠળ એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિ યોજના**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને આ લાભ મળવાપાત્ર છે.

**અનુ.જાતિના અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના બાળકોને પૂર્વ એસ.એસ.સી. મુનિ મેતરાજ રાજ્ય શિષ્યવૃતિ યોજના**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને તથા ધો. ૯ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તારની હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા અસ્વચ્છ વ્યવસાય કરતા વાલીઓના બાળકોને આ લાભ મળવાપાત્ર છે. આ યોજનાનો લાભ એકજ વાલીના વધુમાં વધુ બે બાળકોને મળવાપાત્ર છે.

**અનુસુચિત જાતિના બાળકોને મફત પુસ્તક/કપડા સહાય (ગણવેશ સહાય)**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને બે જોડ ગણવેશ ખરીદવા માટે રૂ. ૨૦૦/- લેખે સહાય આપવાની રહે છે.

**અનુ.જાતિ પૈકી અતિ પછાત જાતિના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ સહાય યોજના**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા અતિ પછાત જાતિના બાળકોને આ લાભ મળવાપાત્ર છે.

**અનુ.જાતિ પૈકી અતિ પછાત જાતિના ધો. ૯ થી ૧૦ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃતિ સહાય યોજના**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૯ થી ૧૦ માં અભ્યાસ કરતા અતિ પછાત જાતિના બાળકોને આ લાભ મળવાપાત્ર છે.

**ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ યોજના**

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૯ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તારની હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા બાળકોને આ લાભ મળવાપાત્ર છે.

**સુબેદાર રામજી આબેડકર છાત્રાલયને અનુદાન યોજના**

- આ યોજના હેઠળ અનુ. જાતિના ૭૦ ટકા વિદ્યાર્થીઓ તથા બક્ષીપંચના ૨૦ ટકા વિદ્યાર્થીઓ તથા ૧૦ ટકા ઈતર બીન પછાત વિદ્યાર્થીઓને એક વિદ્યાર્થી દીઠ રૂ. ૧૫૦૦/- માસિક લેખે નિભાવ અનુદાન આપવાની જોગવાઈ છે. તેમજ વિદ્યાર્થી પ્રતિ માસ રૂ. ૫૦/- લેખે સંસ્થાને મકાન ભાડુ ચુકવવાની જોગવાઈ છે. તેમજ છાત્રાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓને સરકારશ્રી તરફથી નિયત થયેલ વેતન સંસ્થા મારફત ચુકવવાની યોજના અમલમાં છે.

### સરસ્વતિ સાધના (સાયકલ ભેટ) યોજના

- આ યોજના હેઠળ અનુ. જાતિની ધો. ૯ માં અભ્યાસ કરતી કન્યાને સરકારશ્રી તરફથી સાયકલ સહાય યોજના અમલમાં છે. જેમાં વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧,૨૦,૦૦૦/- ની છે.

## આર્થિક ઉત્કર્ષ ક્ષેત્રે

### અનુસુચિત જાતિના લોકોને ખેતીની જમીન ખરીદવા નાણાંકીય સહાય

- આ યોજના હેઠળ અનુ. જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને એકર દીઠ કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૧,૦૦,૦૦૦/- પૈકી બે માથી ઓછી હોય તે સહાય તરીકે મંજુર કરવાની રહે છે. બે એકર માટે વધુમાં વધુ રૂ. ૨,૦૦,૦૦૦/- ની સહાય આપવાની રહે છે. આ યોજનાનો લાભ બી.પી.એલ. લાભાર્થીઓને જ આપવાનો થાય છે.

## આરોગ્ય અને ગૃહ નિર્માણ

### અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને મફત તબીબી સહાય યોજના

- આ યોજના હેઠળ અનુ. જાતિના ગ્રામ્ય વિસ્તારના કેન્શર, રકતપિત, ટી.બી. તેમજ એઈડ્સ જેવા રોગોથી પીડાતા લોકોને સહાય પેટે ડોક્ટરની ભલામણથી સહાય આપવાની યોજના અમલમાં છે.

### ડૉ. આંબેડકર આવાસ યોજના

- અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને પોતાની માલિકીની જમીન / પ્લોટ / જર્જરીત મકાન પર આવાસ બાંધવા માટે રૂ. ૧,૨૦,૦૦૦/- સહાય આપવાની યોજના અમલમાં છે.

### ડૉ. આંબેડકર આવાસ યોજના (અતિ પછાત જાતિના લોકો માટે)

- અનુ.જાતિ પૈકીના અતિ પછાત જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને પોતાની માલિકીની જમીન / પ્લોટ / જર્જરીત મકાન પર આવાસ બાંધવા માટે રૂ. ૧,૨૦,૦૦૦/- સહાય આપવાની યોજના અમલમાં છે.

## કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના

અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારની કન્યાઓને લગ્ન થયેથી રૂ. ૧૦૦૦૦/- ની સહાય આપવાની યોજના અમલમાં છે. યુગલ પૈકી યુવકની ઉમર લગ્નની તારીખે ૨૧ વર્ષ કે તેથી વધારે હોવી જોઈએ, કન્યાની ઉમર લગ્નની તારીખે ૧૮ વર્ષ કે તેથી વધારે હોવા જોઈએ. લગ્નની તારીખથી એક વર્ષની અંદર અરજદારોએ ફોર્મ સબંધિત સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીને રજુ કરવાનુ રહે છે. તેમજ સને ૨૦૧૫-૧૬ થી કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત હવેથી બે કન્યાને આ યોજનાનો લાભ આપવાનો થાય છે.

## સામાજિક અને શૈક્ષણિક શિબીરો

અનુ.જાતિના લોકોને યોજનાકીય પ્રચાર અને પ્રસાર માટે તથા શિક્ષણ અંગેની જાગૃતિ કેળવવા માટે શિબીરો યોજવાની અમલમાં છે.

## સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોતર સહાય (અંત્યેષ્ઠી સહાય) યોજના

આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના ઈસમો કે જેઓ ગરીબી રેખા હેઠળ જીવે છે તેમના કુટુંબના સભ્યોના મરણ પ્રસંગે અંતિમ ક્રિયા કર્મ માટે રૂ.૨૫૦૦/- ની સહાય આપવામાં આવે છે. તેમજ સને ૨૦૧૫-૧૬ થી અંતિમ ક્રિયા માટે રૂ. ૫૦૦૦/- ની સહાય આપવા માટે સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

## ગરીબી નાબુદી કાર્યક્રમ ક્ષેત્રે

### ગરીબી નાબુદી કાર્યક્રમ હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના લોકોને મફ્ત તબીબી સહાય યોજના

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય વિસ્તારના કેન્સર, રક્તપિત અને ટી.બી. તેમજ એઇડ્સ જેવા રોગોથી પીડાતા લોકોને સહાય પેટે ડોક્ટરની ભલામણથી સહાય આપવાની યોજના અલમમાં છે.

### એસ.એસ.સી. પૂર્વેના વિદ્યાર્થીઓ માટે પરિક્ષિતલાલ મજમુદાર શિષ્યવૃતિ યોજના

- આ યોજના હેઠળ અનુ.જાતિના ગ્રામ્ય/શહેરી વિસ્તારના ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને આ લાભ મળવા પાત્ર છે.

**વર્ષ દરમ્યાન સમાજ કલ્યાણ ક્ષેત્રે વિવિધ યોજનાકીય કામગીરી નીચે મુજબ હાથ ધરવામાં આવેલ છે. યોજનાની નાણાકીય તથા ભૈતિક પ્રગતિની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | યોજનાની વિગત | મળેલ ગ્રાન્ટ રૂ. લાખમાં | ખર્ચ રૂ. લાખમાં | ભૌતિક સિધ્ધિ |
|---|---|---|---|---|
| ૧ | એસ.એસ.સી પૂર્વ વિદ્યાર્થીઓને રાજ્ય શિષ્યવૃતિ યોજના | ૧૪૯.૦૩ | ૧૪૯.૦૩ | ૨૫૯૬૮ |
| ૨ | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ બાળકોને શિષ્યવૃતિ | ૯૮.૦૦ | ૯૭.૪૨ | ૫૨૬૧ |
| ૩ | સરસ્વતી યોજના સાયકલ યોજના | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | અનુ.જાતિના બાળકોને ગણવેશ | ૯૮.૮૫ | ૯૮.૮૫ | ૩૨૯૪૯ |
| ૫ | અતિ પછાત જાતિના ધો. ૧ થી ૮ સુધીના બાળકોને શિષ્યવૃતિ | ૨૧.૦૫ | ૨૧.૦૫ | ૨૮૦૭ |
| ૬ | અતિ પછાત જાતિના ધો. ૯ થી ૧૦ સુધીના બાળકોને શિષ્યવૃતિ | ૨.૧૭ | ૨.૧૭ | ૨૧૭ |
| ૭ | ધો. ૯ થી ૧૦ માટે ભારત સરકારની પ્રિ મેટ્રિક શિષ્યવૃત્તિ | ૧૧૫.૦૦ | ૧૧૩.૯૦ | ૪૩૯૫ |
| ૮ | છાત્રાલયોને સહાયક અનુદાન | ૫૦.૦૦ | ૩૯.૯૬ | ૮ |
| ૯ | મફ્ત તબીબી સહાય | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | આંબેડકર આવાસ યોજના | ૬૭.૬૦ | ૬૭.૨૦ | ૧૧૫ |
| ૧૧ | અતિ પછાત જાતિના અરજદારોને આંબેડકર આવાસ યોજના | ૦.૦૦ | ૩.૬૪ | ૭ |
| ૧૨ | કુંવરબાઈનુ મામેરૂ યોજના | ૧૭.૦૦ | ૧૬.૦૦ | ૧૫૯ |
| ૧૩ | સમાજ કલ્યાણ શિબિરો | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | અન્ત્યેશિઠ ક્રિયા માટે સહાય યોજના | ૫.૯૫ | ૫.૯૫ | ૧૧૯ |
| ૧૫ | એસ.એસ.સી પૂર્વે વિદ્યાર્થીઓને રાજ્ય શિષ્યવૃત્તિ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | મફ્ત તબીબી સહાય (ગરીબી નિવારણ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| **કુલ સરવાળો** | | **૬૨૪.૬૫** | **૬૧૧.૫૩** | **૭૨૭૫૩** |

**સમાજ કલ્યાણ શાખાની યોજનાઓ**

- **બીસીકે-૪:**
  - મુનિ મેતરાજ અસ્વચ્છ વ્યવસાયોમાં રોકાયેલાં માતા-પિતાનાં બાળકોને પૂર્વ એસ.એસ.સી. રાજ્ય શિષ્યવૃત્તિની યોજના.
- **બીસીકે-૭૧:**
  - પૂર્વ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિની યોજના (ગરીબી નિવારણ કાર્યક્રમ)
- **બીસીકે-૨:**
  - પ્રિરિક્ષિતલાલ મજમુદાર એસ.એસ.સી. પૂર્વના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ યોજના.
- **બીસીકે-૬:**
  - ધો. ૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ સહાય (સરસ્વતી સાધના યોજના)
- **બીસીકે-૧૭:**
  - વાલ્મીકિ, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો-ગરોડા, વણકર સાધુ, દલિત બાવા, તુરી-બારોટ, તીરગર/તીરબંદા, થોરી, અને માતંગ જાતિના ધો-૧ થી૧૦ ના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃત્તિ.
- **બીસીકે-૧૯:**
  - સુબેદાર રામજી આંબેડકર છાત્રાલયને અનુદાન યોજના.
- **બીસીકે-૬૨:**
  - અંત્યેષ્ઠી સહાય યોજના.
- **બીસીકે-૧૬:**
  - મફત ગણવેશ સહાય યોજના.
- **બીસીકે-૫૦:**
  - ગૃહનિર્માણ માટે વ્યક્તિગત ધોરણે નાણાકીય સહાય ( ડો. આંબેડકર આવાસ યોજના)
- **બીસીકે-૫૫:**
  - અનુસૂચિત જાતિની કન્યાઓને કુંવરબાઈના મામેરા માટે નાણાંકીય સહાય.
- **બીસીકે-૫૨:**
  - વાલ્મીકિ, હાડી, નાડીયા, સેનવા, તુરીબારોટ, વણકર સાધુ, દલિત બાવા, તુરી-બારોટ, તીરગર/તીરબંદા, થોરી, અને માતંગ જેવી અતિ પાછાત જાતિઓને ગૃહનિર્માણ માટે નાણાંકિય સહાય. (ડો. આંબેડકર આવાસ યોજના).
- **બીસીકે-૩૫:**
  - ધો-૯ અને ૧૦ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ (કે.પુ.યો)

**સમાજ કલ્યાણ શાખાની સ્ટાફની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | સંવર્ગ | મજુર થયેલ જગ્યાઓ | તે સામે ભરાયેલ જગ્યાઓ | ખાલી રહેલ જગ્યા | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી | ૧ | ૧ | ૦ | ૦૦૦ |
| ૨ | સમાજ કલ્યાણ નિરીક્ષણ | ૧ | ૧ | ૦ | ૦૦૦ |
| ૩ | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ | ૦૦૦ |
| ૪ | જુનીયર કારકુન | ૪ | ૧ | ૩ | છેલ્લા બે વર્ષથી |
| ૫ | ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | છેલ્લા બે વર્ષથી |
| ૬ | પટાવાળા | ૨ | ૧ | ૧ | છેલ્લા બે વર્ષથી |
| કુલ | | ૯ | ૫ | ૪ | |